# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-09-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-નરેન્દ્ર મોદી:

ભાવનગરમાં ગઈકાલે “સમુદ્ર સે સમૃદ્ધિ” કાર્યક્રમને સંબોધતા ભારતને એક દરિયાઈ મહાશક્તિ બનાવવાની પોતાની સરકારના સંકલ્પ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વર્ષ 2047 સુધી વૈશ્વિક દરિયાઈ વેપારમાં ભારતની ભાગીદારીને ત્રણ ગણી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. આ કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ 32 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે દીનદયાલ પોર્ટના વિવિધ પ્રકલ્પોનું  ખાતમુર્હત કરતા પ્રધાનમંત્રીએ કહ્યુ કે ભારત સમુદ્રને અવસર તરીકે જોઈ રહ્યુ છે. તેમણે શીપ બિલ્ડીંગ સહિતના પ્રકલ્પો પર ભાવિ આયોજન અંગે પ્રકાશ પાડ્યો હતો.

-----------------------------------------------------------------------------------------

## દાદા સાહેબ ફાળકે એવોર્ડ:

અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા મોહનલાલને વર્ષ 2023 માટે પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી હતી કે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પસંદગી સમિતિની ભલામણ પર, સરકારે ભારતીય સિનેમામાં તેમના પ્રતિષ્ઠિત યોગદાન બદલ મલયાલમ અભિનેતાને આ પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે મોહનલાલને આ પુરસ્કાર માટે પસંદ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## નવરાત્રી:

અશ્વિન નવરાત્રી પર્વની પૂર્વ સંધ્યા એ આજે રાત્રે કચ્છ ના પ્રસિદ્ધ યાત્રા ધામ આશા પૂરા માતાજી ના સ્થાનક ખાતે ઘટ સ્થાપન વિધિ સાથે નવરાત્રિ પર્વ નો પ્રારંભ થશે જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્ર સિંહજી ના હસ્તે ઘટ સ્થાપન થશે ભુજ ના આશાપુરા માતાજી ના મંદિર માં પણ આજે રાત્રે ઘટ સ્થાપન વિધિ થશે.

જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં નવરાત્રી શરૂ થવાના પહેલાં જ ભક્તોનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. માતાનામઢમાં પદયાત્રીઓ અને વાહનો દ્વારા મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. એક દિવસમાં જ વીસ હજારથી વધુ ભાવિકોએ માં આશાપુરાના દર્શન કર્યા હતા. છેલ્લા ત્રણ-ચાર દિવસથી યાત્રિકોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

---

## સર્વપિતૃ અમાસ :

આજે સર્વપિતૃ અમાસનાં પર્વ સાથે પંદર દિવસ થી ચાલતા શ્રાદ્ધ પર્વનું સમાપન થશે. વ્યક્તિગત પિતૃ તર્પણ સાથે જિલ્લામાં વિવિધ મંદિરોમાં તેમજ નદી તળાવ અને દરિયા કિનારે સામૂહિક પિતૃ તર્પણ  વિધિ થશે.

---

## સુર્યગ્રહણ:

આજે ભાદરવા ની અમાસ ના સૂર્ય ગ્રહણ થશે વર્ષ નું અંતિમ સૂર્ય ગ્રહણ ભારત માં જોઈ શકાશે નહીં કેમકે ગ્રહણ નો આરંભ ભારતીય સમય મુજબ રાત્રે અગિયાર વાગ્યે થશે અને મધ્ય રાત પછી બે અને 43 મિનિટે પૂરું થશે.અત્રે ઉલ્લેખનીય છે કે એક જ માસમાં ચંદ્ર ગ્રહણ અને સૂર્ય ગ્રહણની ખગોળીય ઘટના બની છે.

---

## યુવક મહોત્સવ:

કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે કલાકૃતિ 2025 બે દિવસીય યુવક મહોત્સવનું સમાપન કરવામાં આવ્યુ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે પુર્વ કચ્છના પોલીસ વડા સાગર બાગમાર ઉપસ્થિત રહ્યા હતા.તેમણે દેશ સેવા, સ્વચ્છતા,વ્યસનમુક્તિ જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવાનું આહવાન કર્યું હતું. આ યુવક મહોત્સવમાં ભુજની સંસ્કાર ઈનસ્ટીટ્યુટ જનરલ ચેમ્પિયન આર.આર.લાલન કોલેજ બીજા અને કચ્છ યુનિવર્સિટી બ્લોક સી ત્રીજા નંબરે વીજેતા થઈ હતી. માર્ચપાસ્ટ,ફુડ ફેસ્ટીવલ સંગીત સ્પર્ધા,શાસ્ત્રી નૃત્ય વગેરે જેવી સ્પર્ધાઓમાં વિધાર્થીઓએ ભાગ લઈ પોતાની આગવી કળા ઉત્સાહ સાથે રજુ કરી હતી.

---

## એશિયાકપ:

એશિયા કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે બીજીવાર મુકાબલો થશે. ગયા રવિવારે પ્રથમ મેચમાં ભારતે પાકિસ્તાન ને 7 વિકેટે હાર આપી હતી ભારતે પાકિસ્તાન ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત અને ઓમાન ની ટીમો ને હરાવી મોખરા નું સ્થાન મેળવ્યું છે.

---

## સ્વસ્થ નારી – સશક્ત પરિવાર' અભિયાન:

ગાંધીધામના ટાઉન હોલ ખાતે "સ્વસ્થ નારી – સશક્ત પરિવાર' અભિયાન અંતર્ગત જાયન્ટ ઇફકો સહેલી ગ્રુપ તેમજ તાલુકા હેલ્થ કચેરી ગાંધીધામ ના સહયોગથી મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું.

આ આયોજન અંતર્ગત સગર્ભા માતાઓ, ટી.બી.ના દર્દીઓ ,ધાત્રી માતાઓ ઉપરાંત બ્લડ પ્રેશર, બ્લડ શુગર તથા અન્ય આરોગ્ય માટે દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત લાભાર્થીઓને માહિતી આપીને કાર્ડ પણ બનાવાયા હતા.

---

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ:

મુંદરા તાલુકાની વિવિધ શાળાઓમાં `રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' ટીમ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની તપાસ કરાઈ હતી, જેમાં ત્રણ બાળકની જન્મજાત હૃદયની ખામી દૂર કરી નવજીવન અપાયું હતું. રાજ્યનું દરેક બાળ તંદુરસ્ત રહે તે માટે ઘેર-ઘેર જઈ બાળકની આરોગ્યની તપાસ કરી આ બાળકોની જન્મજાત ખામીને દૂર કરવા સારવાર સાથે માર્ગદર્શન આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત યુ.એન. મહેતા હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા બાળકોની શસ્ત્રક્રિયા કરાઈ હોવાનું આર.બી.એસ.કે. ટીમ દ્વારા જણાવાયું હતું.

---

## હવામાન:

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે આજે દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે.

---

## સફાઈ અભિયાન:

મુન્દ્રા કોસ્ટ ગાર્ડ દ્વારા આંતરરાષ્ટ્રીય તટીય સફાઈ દિવસ નિમિત્તે લુણી બીચ પર સફાઈ અભિયાન યોજયુ હતું. કાર્યક્રમ દરમિયાન સહભાગીઓએ બીચ પરથી કચરો એકત્રિત કરી સફાઈ કરી હતી.

---